# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા બીલવણીયા ગામ ખાતે ખેડુત **શિબીર યોજાઇ**

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના અંતર્ગત **તા.**૧૧/૦૮/૨૦૧૭ ના રોજ પંચમહાલ જિલ્લાના મોરવા(હ) તાલુકાના બીલવણીયા ગામ ખાતે ખેડૂત શિબીર આયોજીત કરવામાં આવેલ હતી. આ શિબીરમાં ૭૦ ખેડુતોએ ભાગ લીધેલ હતો.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ ડાં.બી.એન.ઠક્કરએ પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ હતુ. ડાં.આર.વી.વ્યાસ, પ્રાધ્યાપક અને વડા, માઇક્રોબાયોલોજી વિભાગ, બં.અ.કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદએ બાયોફર્ટીલાઇઝરના ઉપયોગથી થતા ફાયદા વિષે માહિતી આપેલ હતી. પ્રો. હર્ષાબેન શેલતે પોટાશ બાયોફર્ટીલાઇઝરના ઉપયોગથી જમીનને થતા ફાયદા વિષે માહિતી આપેલ હતી. ડાં.એમ.બી.પટેલ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરાએ  મકાઇની મૂલ્ય વર્ધિત તથા સંયોજીત અને સંકર જાતો અંગેની માહિતી આપેલ હતી. પ્રો. કે.એચ.પટેલ,  મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) એ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ વિષે માહિતી આપેલ હતી. ડાં. બી.એન.ઠક્કર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) એ મકાઇમાં ક્ષેત્રિય નિદર્શનોથી થતા ફાયદા વિષે માહિતી આપેલ હતી. ત્યારબાદ પ્રથમ હરોળના નિદર્શન આપેલા ખેડુતોના ખેતરમાં ખેતરની મુલાકાત કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મકાઇ સંશોધન કેન્દ્રના પ્રો.કે.એચ.પટેલ અને ડાં.બી.એન.ઠક્કરએ કરેલ હતુ.



